# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
## આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ-૩૮૮ ૧૧૦

**વંચાણે લીધો:** અત્રેની કચેરીનો પરિપત્ર ક્રમાંક જા. નં.; આકૃયુ/વિશિનિ/કે. વી. કે./૨૩૯૯/૨૦૨૨, તા. ૨૫/૦૫/૨૦૨૨

# પરિપત્ર

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ હસ્તકના સંશોધન કેન્દ્રો, વિસ્તરણ કેન્દ્રો, કોલેજો દ્વારા અવાર-નવાર વિવિધ વિસ્તરણ પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે. તેમજ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોને અન્ય સંસ્થાઓના વિવિધ વિસ્તરણ કાર્યક્રમોમાં નિયુક્ત કરવામાં આવે છે.

આ બાબતે વિવિધ વિસ્તરણ પ્રવૃત્તિઓ કરનાર સંસ્થા /અન્ય સંસ્થાઓના વિસ્તરણ કાર્યક્રમોમાં નિયુક્ત કરેલ વૈજ્ઞાનિકશ્રીઓના વડાશ્રીઓએ તેનો રીપોર્ટ તૈયાર કરી વિસ્તરણ પ્રવૃત્તિઓ/કાર્યક્રમ પૂર્ણ થયેથી **દિન-૩ માં** અત્રેની કચેરીને dee@aau.in ઉપર સોફ્ટકોપીમાં તથા હાર્ડકોપીમાં અચૂકપણે મોકલી આપવા સૂચના આપવામાં આવેલ હતી. વધુમાં, રીપોર્ટમાં યોજાયેલ વિસ્તરણ પ્રવૃત્તિમાં ભાગ લીધેલ ખેડૂતોની સંખ્યા સાથે કાર્યક્રમની વિગતવાર માહિતી, સંલગ્ન ફોટોગ્રાફ્સ/વિડીયો, કાર્યક્રમમાં હાજર રહેલ મહાનુભાવોની વિગત વગેરેનો સમાવેશ કરવાની સૂચના આપવામાં આવેલ હતી. આ બાબતે મોટાભાગના કેન્દ્રો દ્વારા સમયસર રિપોર્ટ આપવામાં આવતો નથી. તો સર્વે કેન્દ્રોના વડાશ્રીઓને વંચાણે લીધેલ પરિપત્રમાં આપવામાં આવેલ સૂચનાઓનો અમલ કરી સમયસર અત્રેની કચેરીને **aaunews@aau.in** રિપોર્ટ મોકલવા પુન: જણાવવામાં આવે છે.

સદર પરિપત્ર માન. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જારી કરેલ હોઈ, ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા. નં. : આકૃયુ/વિશિનિ/પ્રકાશન /૬૬૮૫/૨૦૨૪

તા. ૨૨/૧૧/૨૦૨૪

**નકલ સવિનય રવાના:**

(૧) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ

(૨) સંશોધન નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ

**નકલ રવાના:**

(૧) આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ હસ્તકના તમામ સંશોધન કેન્દ્રો, વિસ્તરણ કેન્દ્રો, કોલેજોના વડાશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ

(૨) નિયામકશ્રી, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, આકૃયુ, આણંદ તરફ પરિપત્ર વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ

विस्तरण शिक्षण नियामकनी कचेरी
આણંદ કૃષિ યુનિવર્સિટી, યુનિવર્સિટી ભવન,
આણંદ-૩૮૮-૧૧૦

આઝાદી કા અમૃત મહોત્સવ

# પરિપત્ર

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ હસ્તકના તમામ સંશોધન કેન્દ્રો, વિસ્તરણ કેન્દ્રો, કોલેજો દ્વારા અવાર-નવાર વિવિધ વિસ્તરણ પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે. તેમજ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોને અન્ય સંસ્થાઓના વિવિધ વિસ્તરણ કાર્યક્રમોમાં નિયુક્ત કરવામાં આવે છે.

ઉપરોક્ત બાબતે આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ હસ્તકના તમામ સંશોધન કેન્દ્રો, વિસ્તરણ કેન્દ્રો, કોલેજો તથા જે તે કાર્યક્રમોમાં ભાગ લેનાર વૈજ્ઞાનિકશ્રીઓને જણાવવાનું કે, કેન્દ્રો દ્વારા યોજવામાં આવતી વિવિધ વિસ્તરણ પ્રવૃત્તિઓ/અન્ય સંસ્થાઓના વિસ્તરણ કાર્યક્રમોમાં નિયુક્ત કરેલ વૈજ્ઞાનિકશ્રીઓએ **રીપોર્ટ તૈયાર કરી વિસ્તરણ પ્રવૃત્તિઓ/કાર્યક્રમ પૂર્ણ થયેથી દિન-૩ માં અત્રેની કચેરીને dee@aau.in ઉપર સોફ્ટકોપીમાં તથા હાર્ડકોપીમાં અચૂકપણે મોકલી આપવાનો રહેશે.** વધુમાં, સદર રીપોર્ટમાં યોજેલ વિસ્તરણ પ્રવૃત્તિ/ભાગ લીધેલ કાર્યક્રમની વિગતવાર માહિતી, સંલગ્ન ફોટોગ્રાફ્સ/વિડીયો, કાર્યક્રમમાં હાજર રહેલ મહાનુભાવોની વિગત, ખેડૂતોની સંખ્યા વગેરેનો સમાવેશ કરવાનો રહેશે.

સદર પરિપત્ર માન. કુલપતિશ્રીની આજ્ઞાનુંસાર જારી કરેલ હોઈ, ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

વિસ્તરણ શિક્ષણ નિયામક

જા.નં. : આકૃયુ/વિશિનિ/કે.વી.કે./૨૩૯૯/૨૦૨૨
તા.: ૨૫/૦૫/૨૦૨૨

**નકલ સવિનય રવાના:**

(૧) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ.
(૨) સંશોધન નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ.

**નકલ રવાના:**

(૧) આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ હસ્તકના તમામ સંશોધન કેન્દ્રો, વિસ્તરણ કેન્દ્રો, કોલેજોના વડાશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.
(૨) નિયામકશ્રી, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, આકૃયુ, આણંદ તરફ પરિપત્ર વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.